# <u>પ્રેસનોટ</u>

## મોબાઇલ સ્નેચીંગના આરોપીઓને પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા ઈ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી નાઓ તરફથી અવાર-નવાર મિલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણશોધાયેલ મિલ્કત સબંધી ગુન્હાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય અને જે આધારે ઈ.પોલીસ ઇન્સપેક્ટર શ્રી વી.આર.વસાવા સાહેબ નાઓની સુચના મુજબ તા-૨૨/૦૭/૨૦૧૯ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ.એમ.બી.પટેલ તથા સર્વે સ્કોડ ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતા – ફરતા કલાક ૨૨/૦૦ વાગે. પારસી અગિયારી ત્રણ રસ્તા જાહેર રોડ પર આવતા સાથેના **<u>પો.કો.અભીજીતસિંહ કાકુભા તથા પો.કો.લાલજીભાઈ પરશોતમભાઈ</u>** નાઓને બાતમી હકિકત મળેલ કે," એક કાળા કલરની એકટીવા જેનો RTO નંબર GJ -27-B.D.-6127 પર બે ઈસમો પોતાની પાસે ચોરીના કેટલાક મોબાઈલ ફોન રાખી લઈ <u>કાંકરીયા તળાવ ગેટ-૩ તરફથી</u> આવી અત્રે થઇ પસાર થવાના છે.જે આધારે આરોપીઓ નામે **<u>(૧) રાહુલ સંજયભાઇ ઠાકોર ઉ.વ.૨૭ રહે-રૂગનાથપુરાની રા.દ.બહાર અમદાવાદ શહેર તથા આરોપી નં. (૨) ચંદ્રેશ કનુજી ચાવડા ઉ.વ.૨૬ રહે- સૈયદનું ડેલુ કાપડીવાડ સારંગપુર અમદાવાદ શહેર</u>** નાઓ પાસેથી ત્રણ મોબાઈલ ફોન જેની કિ.રુ.૧૯,૦૦૦/- તથા એક એકટીવા જેનો આર.ટી.ઓ નંબર GJ 27 BD 6127 નો છે જેની કિંરૂ.૨૫,૦૦૦/- ગણી કુલ્લે કિ.રૂ.૪૪,૦૦૦/- ની મતાનો મુદામાલ સાથે સદરી બન્ને આરોપીઓને પકડી નવરંગપુરા પો.સ્ટેશન ફ.ગુ.ર.નં. ૫૮/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૪૦૬,૧૧૪ મુજબ નો ગુનો ડિટેક્ટ કરી સારી કામગીરી કરેલ છે.





# કાગડાપીઠ પોલીસ સ્ટેશન

# અમદાવાદ શહેર

## <u>પ્રેસ નોટ</u>

## ઘરફોડ ચોરીના આરોપીઓને ગણતરીના કલાકો માં પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તથા ઈ,મદદ્દીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન તથા ઈ,કાગડાપીઠ પોલીસ ઇન્સપેકટર વી.આર.વસાવા નાઓની સુચના મુજબ મિલકત સંબંધી ગુના બનતા અટકાવવા તથા શોધી કાઢવા સારુ કરેલ સુચના આધારે તા-૨૫/૦૭/૨૦૧૯ ના રોજ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એમ.બી.પટેલ તથા બિજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન ફરતા–ફરતા કલાક ૨૨/૨૦ વાગે.કાંકરીયા રોડ રેલ્વે યાર્ડની સામે જાહેર રોડ પર આવતા સાથેના **<u>પો.કો.અભિજીતસિહ કાકુભા તથા પો.કો.લાલજીભાઇ પરષોત્તમભાઇ</u>** નાઓને સયુક્ત બાતમી હકીકત મળેલ કે કાગડાપીઠ.પો.સ્ટે ફ્સ્ટ ગુ.ર.નં-૯૧/૨૦૧૯ ધી.ઇ.પી.કો.કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબના ગુનાના કામે ચોરી કરેલ કાપડના રોલ પાર્સલો તથા એક કાપડની ગાંસડી નો મુદામાલ એક લીલા કલરની લોડીંગ રિક્ષા નં GJ 01 TE 5229 માં મુકી લોડીંગ રિક્ષા ચલાવી લાવી અત્રે થઇ પસાર થનાર છે." જે બાતમી હકીકત આધારે (૧) **ક્રિષ્ના ઉર્ફે ગજ્જુ S/O સુરેશભાઈ સરગડા (મારવાડી) ઉ.વ. ૧૯ રહે, મહાજન નો વંડો,છીપાવાડ ની અંદર, વસંતરજબ પોલીસ ચોકીની સામે વૈશ્યસભા જમાલપુર હવેલી અમદાવાદ શહેર** (૨) **ગુલાબ ઉર્ફે ગુલ્લો ઉર્ફે કાલુ S/O પોપટજી ઠાકોર ઉ.વ.૨૮ રહે,ભવાનપુરાની પીઠ વિવેકાનંદ કોલેજ ની પાછળ રા.દ.બહાર કાગડાપીઠ અમદાવાદ શહેર** (૩) **વિશાલ સુરેશભાઈ સરગડા (મારવાડી) ઉ.વ.૨૬ રહે,મહાજન નો વંડો,છીપાવાડ ની અંદર, વસંતરજબ પોલીસ ચોકીની સામે વૈશ્યસભા જમાલપુર હવેલી અમદાવાદ શહેર** નાઓને ઉપરોક્ત ગુનહાના કામે અટક કરી ઉપરોક્ત ગુનાના કામે ચોરી થયેલ કાપડના રોલ પાર્સલો કિ.રુ.૧,૩૨,૦૦૦/- તથા કાપડની ગાસડી નંગ-૧ ની કિ.રુ.૩૫,૦૦૦/- ની મળી કુલ્લે કિ.રુ.૧,૬૭,૦૦૦/- તથા ગુનાના કામે વાપરેલ લોડીંગ રિક્ષા ની કિ.રુ.૧,૭૫,૦૦૦/- ગણી તથા મોબાઈલ ફોન નંગ-૧ કિ.રુ.૫,૦૦૦/- મળી **<u>કુલ્લે કિં.રૂ. કિ.રુ. ૩,૪૭,૦૦૦/-</u>** ની મતાના મુદામાલ સાથે પકડી ઉપરોકત ગુનો ડીટેક્ટ કરી પ્રસશંનીય કામગીરી કરેલ છે.





